# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૦ તા.૧૮-૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૬ થી ૮ના ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની બીજા તબક્કાની ઓનલાઈન તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જશભ/તાલીમ/૨૦૨૦-૨૧/૧૮૫૫-૧૮૬૦ તા.૧૭-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ધો.૬ થી ૮માં ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકોની બીજા તબક્કાની ઓનલાઈન તાલીમ બાયસેગ(વંદે ગુજરાત ચેનલ-૧) ના માધ્યમથી આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબના સમયે યોજાનાર છે. સદર તાલીમનું પ્રસારણ વંદે ગુજરાત ચેનલ તથા જીઓ મોબાઈલ એપમાં પણ નિહાળી શકાશે. તો ધો.૬ થી ૮ના ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોએ બિનચૂક રીતે બીજા તબક્કાની ઓનલાઈન તાલીમ લેવાની રહેશે.

ઓનલાઈન તાલીમના પ્રસારણનું આયોજન આ સાથે બિડાણ પત્રમાં સામેલ છે. જેનો સંબંધિત વિષય શિક્ષકે અભ્યાસ કરી તાલીમમાં જોડાવવાનું રહેશે તેમજ વિષય સંબંધિત તેમના પ્રશ્નો કે મુંઝવણ જણાય તો ડાયટના મેઈલ પર મોકલી આપવાના રહેશે. તાલીમમાં ભાગ લેનાર શિક્ષકોની વિગતો સંદર્ભિત પત્રમાં સામેલ પત્રક મુજબ તાલીમ પૂર્ણ થયાના બીજા દિવસે જે-તે યુ.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા ડાયટ પર મોકલી આપવાના રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સત્યમેવ જયતે
Govt. of Gujarat

પ્રાચાર્ય

ક્રમાંકઃ જશભ/તાલીમ/૨૦૨૦-૨૧/1855-1860
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ ,શહેર
ગોતા- ઓગણજ રોડ, ગોતા, અમદાવાદ -380060
ફોન (૦૭૯) ૨૯૭૯૬૭૫૫
ઇ મેઇલઃ-diet-urban-ahd@gujarat.gov.in,
Web : www.dietahmdcity.org
તારીખ:૧૭/૦૯/૨૦૨૦

---

પ્રતિ,
શાસનાધિકારીશ્રી.,
નગર શિક્ષણ સમિતિ,
જિ.અમદાવાદ.

વિષય:- ધોરણ ૬ થી ૮ ના ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની બીજા તબક્કાની ઓનલાઇન તાલીમ બાબત.

સંદર્ભ:- જીસીઈઆરટી ગાંધીનગરના પત્રાંક:-જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૧૪૪૨-૭૧, તા.૧૬/૦૯/૨૦૨૦

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે, ધો.૬ થી ૮ માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની બીજા તબક્કાની ઓનલાઇન તાલીમ બાયસેગ (વંદે ગુજરાત ચેનલ-૧) ના માધ્યમથી નીચે મુજબના સમયે યોજાનાર છે. આ તાલીમનું પ્રસારણ વંદે ગુજરાત ચેનલ-૧ અને જીયો મોબાઇલ એપમાં પણ જોઇ શકાશે. આ તાલીમમાં આપના તાબા હેઠળની તમામ સરકારી પ્રા.શાળાઓ, કે.જી.બી.વી. ગ્રાન્ટેડ પ્રા.શાળાઓ ,આશ્રમ શાળાઓ તથા ખાનગી પ્રા.શાળાઓના શિક્ષકોએ જોડાવાનું રહેશે. ઓનલાઇન તાલીમના પ્રસારણનું આયોજન નીચે મુજબ છે.

| વિષય | તારીખ | સમય | પ્રશ્નો માટેની તારીખ બપોરના 3.00 કલાક સુધી | સાહિત્ય ડાઉનલોડ કરવા માટેનો QR CODE |
|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૮/૦૯/૨૦૨૦ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | ૨૬/૦૯/૨૦૨૦ | |
| ગણિત | 30/૦૯/૨૦૨૦ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | ૨૭/૦૯/૨૦૨૦ | |
| સા.વિજ્ઞાન | ૦૧/૧૦/૨૦૨૦ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | ૨૮/૦૯/૨૦૨૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| વિજ્ઞાન | ૦૫/૧૦/૨૦૨૦ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | ૦૧/૧૦/૨૦૨૦ | |

ઉપરોક્ત વિષયોની તાલીમનું સાહિત્ય આ સાથે QR CODE થી મોકલી આપવામાં આવે છે. જે સંબંધિત વિષય શિક્ષકોને આ QR CODE ના માધ્યમથી ઇ કોપી મેળવે તે માટે સીઆરસી/બીઆરસી કો. ઓ. ને જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે. આ સાહિત્યનો સબંધિત વિષય શિક્ષકે અભ્યાસ કરી તાલીમમાં જોડાવવાનું રહેશે તેમજ વિષય સબંધિત તેમના પ્રશ્નો કે મુંઝવણો હોય તો નીચે આપેલા QR CODE થી સ્કેન કરી ગુગલ ફોર્મમાં વિગતો મોકલી આપવા જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે. તાલીમમાં ભાગ લેનાર શિક્ષકોની વિગતો સામેલ પત્રક મુજબ તાલીમ પૂર્ણ થયાના બીજા દિવસે ડાયટ અમદાવાદ શહેરમાં મોકલવાની રહેશે.

જિલ્લાનું નામ: અમદાવાદ શહેર

| સંસ્થા પ્રકાર | તાલીમમાં સહભાગી થનાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | તા. ૨૮/૯/૨૦ ગુજરાતી | | તા. ૩૦/૯/૨૦ ગણિત | | તા. ૦૧/૧૦/૨૦ સામજિક વિજ્ઞાન | | તા. ૦૫/૧૦/૨૦ વિજ્ઞાન અને ટેકનોલોજી | |
| | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા |
| સરકારી પ્રા. શાળાઓ | | | | | | | | |
| ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ | | | | | | | | |
| કે.જી.બી.વી. | | | | | | | | |
| આશ્રમશાળા | | | | | | | | |
| ખાનગી શાળા | | | | | | | | |
| કુલ | | | | | | | | |

આપનો વિશ્વાસુ,

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ શહેર

બિડાણઃ- તાલીમ બાબતે જીસીઇઆરટી ગાંધીનગરનો ઉપરોકત સંદર્ભ દર્શિત પત્ર ક્રમાંકઃ
જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૧૪૪૨-૭૧, તા.૧૬/૦૯/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂઃ-</u>
યુ.આર.સી. કો. ઓ., તમામ ઝોન, અમદાવાદ કોર્પોરેશન

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૦ - A તા.૧૮-૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ 'સપ્ટેમ્બર-૨૦૨૦'ની ઉજવણી બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૪૪૨૪-૪૪૭૯ તા.૧૭-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે,માન. વડાપ્રધાનશ્રી દ્વારા ૮ માર્ચ ૨૦૧૮ ના રોજ પોષણ અભિયાનમાં રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં જનઆંદોલન માટે 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી કરવા જણાવેલ છે. તો આ સાથે સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબની પ્રવૃત્તિઓ શાળાકક્ષાએ કરવા જણાવવામાં આવે છે.

આ કાર્યક્રમ દરમ્યાન સરકારશ્રીની કોરોનાની ગાઈડલાઈનનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૪૪૨૪-૪૪૭૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૭/૦૯/૨૦૨૦

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ 'સપ્ટેમ્બર- ૨૦૨૦' ની ઉજવણી બાબત.

**સંદર્ભઃ-** (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- પરચ-૧૪૨૦૧૯/૩૮૫/વ.૨ તા. ૧૭/૦૯/૨૦૨૦

(૨) મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- ICDS/પોષણ અભિયાન/પોષણ માહ/૨૩૬૨૬૮/૪૦૯/૨૦ તા. ૨૯/૦૮/૨૦૨૦

(૩) મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર તથા સચિવશ્રી, શિક્ષણ વિભાગનો સંયુકત પત્ર ક્રમાંકઃ- પોષણ અભિયાન/સંકલન/પોષણ માહ/મબાક/૨૦-૨૧/૨૩૮૭૬૭/૫૦૯ તા. ૧૪/૦૯/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, આપ સૌ સુવિદીત છો જ કે, માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૦૮ માર્ચ ૨૦૧૮ ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ છે. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં જનઆંદોલન માટે "રાષ્ટ્રીય પોષણ માહ" ની અને માર્ચ માસમાં 'પોષણ પખવાડીયા' ની ઉજવણી કરવાનું નકકી કરેલ છે.

આ સાથે સામેલ ઉપરોકત સંદર્ભદર્શિત પત્રોને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**
- શ્રી એસ.કે. શાહ, સેકશન અધિકારીશ્રી, વ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં- ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:પરચ-૧૪૨૦૧૯/૩૮૫/વ-૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭/૦૯/૨૦૨૦

પ્રતિ,
(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર
(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય ,ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન યોજના,બ્લોક નં-૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

વિષય:- પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ "સપ્ટેમ્બર - ૨૦૨૦" ની ઉજવણી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના કમિશ્નર,મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.૨૯/૦૮/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ICDS/પોષણ અભિયાન/પોષણ માહ/૨૩૬૨૬૮/૪૦૯/૨૦ના પત્રની નકલ મોકલી આપતા જણાવવાનું કે, ઉક્ત પત્રમાં જણાવ્યા મુજબની નિયમોનુસાર કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એસ.કે.શાહ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:- ઉપર મુજબ

Scanned by CamScanner

ક્રમાંક: ICDS /પોષણ અભિયાન /પોષણ
માહ/૨૩૬૨૬૮/૪૦૯ /૨૦
કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં.૨૦, ડો જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. ૨૬/૦૮/૨૦૨૦
૨૯

પ્રતિ,
(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત જામનગર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન
(૨) જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા સેવા સદન, તમામ...
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત, જિલ્લા તમામ

**વિષય:-** પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ 'સપ્ટેમ્બર-૨૦૨૦' ની ઉજવણી બાબત.

આપ સૌ સુવિદિત છો જ કે માન.વડાપ્રધાનશ્રી દ્વારા તા.૦૮, માર્ચ ૨૦૧૮ ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભાંરભ કરવામાં આવેલ છે. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં જનઆંદોલન માટે ''રાષ્ટ્રીય પોષણ માહ''ની અને માર્ચ માસમાં ''પોષણ પખવાડીયા''ની ઉજવણી કરવાનુ નક્કી કરેલ છે.

ભારત સરકારના પત્રના અનુસંધાને ''રાષ્ટ્રીય પોષણ માહ''ની ઉજવણી સપ્ટેમ્બર-૨૦૨૦ માં કરવાની થાય છે, તેમજ આ પોષણ માહમાં પાંચ જરૂરી ઘટકો ઉપર ભાર મુકવામાં આવશે. (૧) બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસ, (૨) એનેમિયા, (૩)ઝાડા નિયંત્રણ, (૪) હેન્ડ વોશ અને સેનિટેશન તથા (૫) પોષ્ટિક આહાર.

સરકારના જુદા-જુદા વિભાગો સાથે કન્વર્જન્સથી પોષણ માહનો શુભારંભ અને તે અંતર્ગત કરવાની થતી પ્રવુતિઓની વિગતવાર માહિતી 'પરિશિષ્ટ- A અને B માં સામેલ છે જેમાં પોષણ માહ અન્વયે દરેક કક્ષાએ પ્રવૃતિઓ કરવામાં આવનાર છે.

આ પોષણ માહ વર્ષ-૨૦૨૦ માં આપણું લક્ષ્ય સોશ્યલ મિડીયાના મહત્તમ ઉપયોગ અને વર્ચુઅલ પ્રવૃત્તિઓ સાથે વધુમાં વધુ લાભાર્થીઓ સુધી ઉપરોક્ત પાંચ થીમને લગતા સંદેશા પહોંચાડવાનો છે.

. આપ સૌ જાણો જ છો કે, સમગ્ર વિશ્વ COVID-19 ની મહામારીથી અસરગ્રસ્ત થયેલ છે. આ મહામારીથી લોકોની જીવનશૈલી પર પણ ગંભીર અસર થયેલ છે. ભારત દેશમાં વધતાં COVID-19 ના પ્રસારને ધ્યાને લેતા લાભાર્થીઓની સમજ કેળવણી માટે આયોજિત થતાં વિવિધ કાર્યક્રમો પરોક્ષ (વર્ચ્યુઅલ) રીતે કરવાના રહેશે. ભારત સરકાર દ્વારા પ્રકાશિત તમામ માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન

Scanned by CamScanner

કરવાનુ રહેશે. જેમ કે, યોગ્ય સામાજિક અંતર જાળવવું, સ્વચ્છતા અને હેન્ડ વોશ-સેનિટાઇઝ કરવું, માસ્ક પહેરવું. *માઇક્રો કન્ટેઇનમેન્ટ/ કન્ટેઇનમેન્ટ ઝોન / રેડ ઝોનમાં પોષણ માહની ઉજવણી માત્ર ને માત્ર પરોક્ષ (વર્ચ્યુઅલ) માધ્યમથી કરવાની રહેશે.*

તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓએ વધુમાં વધુ મીડ મિડિયા પ્રવૃત્તિઓ જેવી કે, આઉટડોર મિડિયા, પ્રિન્ટ મિડિયા અને સોશિયલ મિડિયાને ઉપયોગ કરવો જેથી પોષણ માહની સામૂહિક અસર ઉભી થાય અને પોષણના પાંચ સૂત્રો વિશે લોકો જાગૃત થાય.

મહિલા અને બાળ વિકાસ વિભાગ નોડલ વિભાગ તરીકે પોષણ માહની ઉજવણી સારી રીતે થાય તે માટે જુદા જુદા વિભાગ અને સ્ટેક હોલ્ડર સાથે સંકલન અને એકીકરણ કરશે. આ બાબતની દર રોજની પ્રવૃત્તિઓ ઘટક, જિલ્લા કક્ષાએથી ડેશબોર્ડની નીચે મુજબની લીંક પર અપડેટ કરવાની રહેશે.

લીંક: www.poshanabhiyaan.gov.in

પોષણ માહ દરમ્યાન પોષણ અભિયાન ઘર-ઘર સુધી પહોંચે તે માટે આપશ્રીને વિનંતી છે કે સંબધિત અધિકારીઓને નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં લેવા આપની કક્ષાએથી સૂચના આપશો.

- પોષણ માહની ઉજવણી દરેક સ્તર પર થાય.
- દરેક કક્ષાએ પ્રવૃત્તિઓની સમજ અપાય.
- દરેક સ્તરે નવતર પહેલ થાય તે માટે મદદ કરવી.
- નિયમિત ડેશબોર્ડમાં પ્રવૃત્તિઓ અપલોડ કરવી.

પોષણ માહ સફળ અને યોગ્ય રીતે ઉજવાય તે માટે આપશ્રી અધ્યક્ષતામાં જુદા જુદા વિભાગોને સાથે આવરી લઇ મીટિંગનું આયોજન કરવા વિનંતી.

બિડાણ: પરિશિષ્ટ- A & B

29/8/2020

કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ અને યોગ્ય કાર્યવાહી માટે વિનતી સહ.

- અધિક મુખ્ય સચિવશ્રી,
  કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,
  શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,
  શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

❖ અગ્રસચિવશ્રી,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

❖ અગ્રસચિવશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ અગ્રસચિવશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ અગ્ર સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ અગ્રસચિવશ્રી,
પાણી પુરવઠા, નવા સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી,
અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી,
આદિજાતી વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.

❖ સચિવશ્રી,
ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી,
માહિતી અને પ્રસારણ કચેરી, બ્લોક નં.૧૯ ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

❖ સચિવશ્રી,
આયોજન પ્રભાગ, સામાન્ય વહિવટ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

❖ કમિશ્નરશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

❖ કમિશ્નરશ્રી,
રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં.૧૧ ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:**

- નોડલ ઓફિસરશ્રી, પોષણ અભિયાન, (સંલગ્ન વિભાગો), ગાંધીનગર
- વિભાગીય નાયબ નિયામકશ્રી, આઇસીડીએસ, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઝોન
- પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇસીડીએસ, જિલ્લા પંચાયત તમામ.

Scanned by CamScanner

# પોષણ માહ – ૨૦૨૦

દિવસ-૧, ૧ લી સપ્ટેમ્બર, ૨૦૨૦ (પોષણ માહ-૨૦૨૦નું ઉદ્ઘાટન)

| | પ્રવૃત્તિઓ | મંચ (પ્લેટફોર્મ) | સમયગાળો | અમલીકરણ | જવાબદાર સત્તાધિકારીશ્રી |
|---|---|---|---|---|---|
| દિવસ-૧ પોષણ માહની શરૂઆત (લોન્ચીંગ) | પોષણ પ્રતિજ્ઞા ડી.પી.માં પોસ્ટ કરવું. (ચિત્ર દર્શાવવું) | ફેસબુક / ટવીટર / વોટસએપ / ઇન્સ્ટાગ્રામ | બપોરે ૧૨ વાગ્યા સુધીમાં હેન્ડલના પ્રોફાઇલ ચિત્રને અપડેટ કરવું અને સત્તાવાર હેન્ડલ્સ પર પોસ્ટ કરવું | પોષણ અભિયાનના કન્વર્ઝન્સ હેઠળના તમામ વિભાગોમાં | મ્યુ.કમિશ્નરશ્રી, કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી |
| | પોષણ શપણ | વેબિનાર | બપોરે 2 વાગ્યા સુધીમાં, ફેસબુક / ઇન્સ્ટાગ્રામ / ટ્વિટર ઓફિશિયલ હેન્ડલ પર વેબિનારની તસવીરો પોસ્ટ કરો | પોષણ અભિયાનના કન્વર્ઝન્સ હેઠળના તમામ વિભાગોમાં | મ્યુ.કમિશ્નરશ્રી, કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી |

* ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વિભાગોના તમામ સત્તાવાર પૃષ્ઠો પર પોષણ પ્રતિજ્ઞાની પોસ્ટ હોવી જોઈએ (રાજ્યથી તાલુકા કક્ષા સુધી)

પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે: -

1. વેબિનાર: - પોષણ માહ –૨૦૨૦ ની શરૂઆતના તબકકે પોષણ શપથ માટે ખાસ કરીને જિલ્લા અને તાલુકા કક્ષાએ વેબિનાર કરવામાં આવશે, તમામ વિભાગોના જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ દ્વારા તેમના સહયોગીઓ સાથે મળી ગ્રામ્ય કક્ષા સુધી આ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.
   a. વેબિનારના બધા સ્ક્રીનશોટ્સ નીચેની કોઈપણ સામાન્ય ટેગલાઇન સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરવાના રહેશે.

      #PoshanSeGujaratRoshan
      #GujPoshanMaah2020
      #Gujaratposhanabhiyaan
2. પ્રતિજ્ઞા:- જિલ્લા અને તાલુકા કક્ષાના તમામ અધિકારીઓ અને પ્રતિનિધિઓએ **" I am POSHAN WARRIOR" "હું છું પોષણ વોરીયર"** ની પ્રતિજ્ઞા લીધી છે તેની તમામ વિભાગના વડાઓએ ખાત્રી કરવાની રહેશે. તેઓએ લીધેલી પોષણ પ્રતિજ્ઞાના ફોટોગ્રાફ પોતાના

Scanned by CamScanner

સોશ્યલ મિડિયા પેજ (ફેસબુક/ટવીટર/વોટસએપ/ઇન્સ્ટાગ્રામ) પર ડી.પી. તરીકે ઓછામાં ઓછું ૨૪ કલાક સુધી રાખે તેની ખાત્રી કરવાની રહેશે. સમુદાયમાં પણ આ સંદેશને ફેલાવો અને અભિયાનને મોટા પ્રમાણમાં પ્રોત્સાહન આપો.

3. સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સીએસઆર પાર્ટનરોને પણ સામેલ કરો.

મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, કલેકટરોશ્રીઓ અને ડીડીઓશ્રીઓ દ્વારા તમામ પ્રવૃત્તિઓની દેખરેખ અને સમીક્ષા કરવાની રહેશે.

Scanned by CamScanner

# પોષણ માહ – ૨૦૨૦

અઠવાડિયું - ૧

સમગ્ર મહિના દરમિયાન હાથ ધરવામાં આવનાર સર્વ-સામાન્ય પ્રવૃત્તિઓ.

- ગૃહ મુલાકાત
- સોશિઅલ મિડિય ઝૂંબેશ (ફેસબુક/ટવીટર/વોટસએપ/ઇન્સ્ટાગ્રામ)
- વેબિનાર
- લાભાર્થીઓને ફોલોઅપ માટે ફોનકોલ (પ્રસૂતિ પછીની સંભાળ માટે)
- ન્યુટ્રી ગાર્ડન
- સુખડી વિતરણ સાથે ચોપાનિયા
- ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓને સંદેશાઓ મોકલવા
- એફએમ રેડિયો મારફતે કવીઝ કોમ્પીટીશન
- ઉંબરે આંગણવાડી (સેટકોમના માધ્યમથી)

| પ્રવૃત્તિઓ | આવરી લેવાનાર વિભાગો | વિગતો | જવાબદારી (હોદ્દા) | દેખરેખ અને સમીક્ષા ઓથોરિટી |
|---|---|---|---|---|
| ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓને સંદેશાઓ મોકલવા | મહિલા અને બાળવિકાસ વિભાગ | પોષણ માહ ૨૦૨૦ ની માહિતી સંબંધિત સંદેશ અને તેમની ભાગીદારીની વિનંતી, બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ પર મેસેજ (SMS) કરવામાં આવશે. | IT Cell | Asst- Director IT MIS Consultant |
| ન્યુટ્રી ગાર્ડન બનાવવા* | આઇસીડીએસ / કૃષિ / આરોગ્ય / શિક્ષણ / વન વિભાગ / ટીએએસપી સંચાલિત શાળાઓ, છાત્રાલયો / કૃષિ યુનિવર્સિટીઓ / સરકારી કોલેજો / ડેરી સહકારી / પંચાયત કચેરીઓ | ન્યુટ્રી - ગાર્ડન કમ્પાઉન્ડ વોલ ધરાવતા આં.કેન્દ્રો / સ્કૂલ / મકાનો અને સંસ્થાકીય / સરકારી પરિસર પર મોડેલ તરીકે વિકસિત કરવાનો રહેશે. | સંલગ્ન વિભાગોના તાલુકા કક્ષાના અધિકારીઓ | જિલ્લા કક્ષાના – વિભાગીય વડાઓ |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| પાંચ સૂત્રો પર વેબિનાર | આરોગ્ય અને મહિલા બાળ વિકાસ વિભાગ અન્ય સંલગ્ન વિભાગો સાથે<br>-પંચાયત – શહેરી વિકાસ<br>-DRDA – કૃષિ<br>-શિક્ષણ - TASP<br>- સામા. ન્યાય – પાણી પુરવઠા<br>- નાગરિક પુરવઠા - માહિતી ખાતુ | આઇસીડીએસ અને આરોગ્ય વિભાગના કન્વર્ઝન હેઠળ તમામ લાઇન ડિપાર્ટમેન્ટના વેબિનાર જિલ્લા અને તાલુકા કક્ષાએ સંયુક્ત રીતે પોષણ સંબંધિત સંવેદનશીલતા માટે, 1000 દિવસના અભિગમ માટે આયોજન કરે છે. *(એએનસી ચેકઅપ, સ્તનપાન – જન્મ બાદ તરત જ સ્તનપાનનું મહત્વ, છ માસ સુધી માત્ર સ્તનપાન અને પૂરક ખોરાક)*<br>ઝાડાનું વ્યવસ્થાપન અને કિશોરાવસ્થામાં પોષણનું મહત્વ | સંલગ્ન વિભાગોના તાલુકા કક્ષાના અધિકારીઓ | જિલ્લા કક્ષાના – વિભાગીય વડાઓ |
| લાભાર્થીઓને ફોન કોલ (પ્રસૂતિ પછીની કાળજી) | આરોગ્ય અને મબાક વિભાગ | આઇસીડીએસ અને આરોગ્ય કર્મચારીઓ (જીલ્લા કક્ષા: - ડીડીઓ / સીડીએચઓ / પીઓ-આઇસીડીએસ / આરસીએચઓ / ડીસી-એનએનએમ / ડીપીએ-એનએનએમ / પીએ-પોષણ (આરોગ્ય)<br>(બ્લોક / તાલુકો કક્ષા: - એસડીએચ-સીએચસી-એમઓએસ / સીડીપીઓ / ટીએચઓ / એનએનએમ કોઓર્ડિનેટર / ટીએચવી / આરબીએસકે-એમઓ)<br>(સેજા સ્તર / પીએચસી સ્તર: - આઇસીડીએસ સુપરવાઈઝર / પીએચસી-એમઓ / એફએચએસ / એડબ્લ્યુડબ્લ્યુ / એફએચડબ્લ્યુ / સીએચઓ)<br>ચર્ચા કરવાના વિષયો:- | ટીએચઓ અને સીડીપીઓ, પીએ – ન્યુટ્રીશન | PO-ICDS, RCHO and CDHO |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| | | • રસીકરણ સાથે વિશિષ્ટ સ્તનપાન અને કાંગારૂ માતાની સંભાળ;<br>• સ્તનપાનના સમયગાળા દરમિયાન આઇએફએ અને કેલ્શિયમ વપરાશને પ્રોત્સાહન આપવું<br>• પૂરક આહારની સમયસર શરૂઆત<br>• હાથ ધોવા | | |
| સુખડી વિતરણની સાથે ચોપાનિયા | મબાક વિભાગ | પત્રિકાઓ આં.કાર્યકર દ્વારા બાળકોના વાલીઓને સુખડી વિતરણની સાથે વહેંચવાની રહેશે | AWW / MS / CDPO | PO-ICDS |
| | | | | |

*તમામ આઇ.ઇ.સી. (જેપીઇજી / જીઆઈએફ) / લિંક્સ / સંબંધિત વિભાગો સાથે શેર કરવામાં આવશે. જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં છેલ્લા માઇલ સુધીના વિભાગોના તમામ વોટ્સએપ જૂથોને તે ફોરવર્ડ કરવા જોઈએ.*
*મમતા દિવસનો ઉપયોગ પોષણ પ્રોત્સાહન માટે પ્લેટફોર્મ તરીકે થવો જોઈએ પોષણ માહ દરમિયાન સામાજિક અંતર જાળવવું અને ચોકકસ માર્ગદર્શિકાનું પાલન કરવું.*

* ન્યુટ્રી ગાર્ડન બનાવવા માટે માર્ગદર્શિકા

અઠવાડિયું - ૨

| |
|---|
| સમગ્ર મહિના દરમિયાન હાથ ધરવામાં આવનાર સર્વ-સામાન્ય પ્રવૃત્તિઓ.<br>- ગૃહ મુલાકાત<br>- સોશિયલ મિડિયા ઝૂંબેશ<br>- વેબિનાર<br>- ન્યટ્રી ગાર્ડન<br>- સુખડી વિતરણ<br>- પૂર્વ પ્રસૂતિ તપાસ |

Scanned by CamScanner

- એફએમ રેડિયો સાથે કવીઝ કોમ્પીટીશન

વધુમાં,

- લાભાર્થીઓને ફોન કોલ (જોખમી સગર્ભા માતાઓ)
- **PMSMA** હેઠળ સગર્ભા માતાઓની પૂર્વ પ્રસૂતિ તપાસ
- ડેરી સહકારી મંડળી દ્વારા ટીએચઆરનું નિદર્શન અને વિતરણ વધારવું

| પ્રવૃત્તિઓ | આવરી લેવાનાર વિભાગો | વિગતો | જવાબદારી (હોદ્દા) | દેખરેખ અને સમીક્ષા ઓથોરિટી |
|---|---|---|---|---|
| રેસિપી સ્પર્ધા* | મબાક, શિક્ષણ અને ડીઆરડીએ | ટીએચઆર પેકેટ્સમાંથી વાનગીઓ - પુર્ણા શક્તિ / માતૃશક્તિ / બાલ શક્તિ.<br>કિશોરીઓએ ટીએચઆરમાંથી અલગ અલગ વાનગીઓ તૈયાર કરવાની રહેશે.<br>AWWs, ASHA અને SHGs એ કિશોરોને માર્ગદર્શન આપવું પડશે. | CDPO / TDO / TPEO | PO-ICDS / DPEO / DEO / Director –DRDA |
| જોખમી સગર્ભા માતાઓને ફોન કોલ | મબાક અને આરોગ્ય વિભાગ | આઇસીડીએસ અને આરોગ્ય કર્મચારીઓ<br>(જીલ્લા કક્ષા: - ડીડીઓ / સીડીએચઓ / પીઓ-આઇસીડીએસ / આરસીએચઓ / ડીસી-એનએનએમ / ડીપીએ-એનએનએમ / પીએ-પોષણ (આરોગ્ય)<br>(બ્લોક / તાલુકા કક્ષા: - એસડીએચ-સીએચસી-એમઓએસ / સીડીપીઓ | THO અને CDPO PA-Nutrition | PO-ICDS , RCHO and CDHO |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| | | / ટીએચઓ / એનએનએમ કોઓર્ડિનેટર / ટીએચવી / આરબીએસકે-એમઓએસ)<br>(સેજા સ્તર / પીએચસી સ્તર: - આઇસીડીએસ સુપરવાઈઝર / પીએચસી-એમઓ / એફએચએસ / એડબ્લ્યુડબ્લ્યુ / એફએચડબ્લ્યુ / સીએચઓ)<br>ચર્ચાના મુદ્દા<br>• ઓછામાં ઓછી ૪ ANC ચકાસણી<br>• એનિમિયા અને તેની અસર<br>• આહારની વૈવિધ્યતા<br>• હાથ ધોવાની પધ્ધતિ<br>• સગર્ભાવસ્થા દરમ્યાન આઇએફએ અને કેલ્શિયમની ગોળીઓ માટે પ્રચાર-પ્રસાર | | |
| ન્યુટ્રી ગાર્ડન બનાવવા* | આઇસીડીએસ / કૃષિ / આરોગ્ય / શિક્ષણ / વન વિભાગ / ટીએએસપી સંચાલિત શાળાઓ, છાત્રાલયો / કૃષિ યુનિવર્સિટીઓ / સરકારી કોલેજો / ડેરી સહકારી / પંચાયત કચેરીઓ / | ન્યુટ્રી - ગાર્ડન કમ્પાઉન્ડ વોલ હોય તેવા AWC / શાળાઓ / લાભાર્થીઓના ઘર પર બનાવવાનો રહેશે | સંલગ્ન વિભાગોના તાલુકા કક્ષાના અધિકારીઓ | જિલ્લા કક્ષાએ – સંલગ્ન વિભાગના અધિકારીઓ |
| ગૃહ મુલાકાત* | મબાક, આરોગ્ય અને ડીઆરડીએ | ANC અને PNC માતાઓ વચ્ચે આઇએફએ ટેબ્લેટ્સના વપરાશને પ્રોત્સાહન આપવા માટે AWWs, | THO and CDPO PA-Nutrition | PO-ICDS , RCHO and CDHO |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| | | ASHAs અને SHGs દ્વારા ડોર ટુ ડોર મુલાકાત | | |
| PMSMA હેઠળ નિષ્ણાતો દ્વારા ANC ની આરોગ્ય તપાસ | આરોગ્ય | પીએમએસએમએ હેઠળ નિષ્ણાત દ્વારા ઉચ્ચ જોખમ ધરાવતી 100% સગર્ભા માતાની તપાસણી | THO and CDPO PA-Nutrition | PO-ICDS , RCHO and CDHO |
| વેબિનાર | મબાક, એનએસએસ, જીએલપીસી, નહેરૂ યુવા કેન્દ્ર | પોષણ, ૧૦૦૦ દિવસનો અભિગમ (એએનસી ચેકઅપ, સ્તનપાન – જન્મ બાદ તરત સ્તનપાનનું મહત્વ, ૬ માસ સુધી માત્ર સ્તનપાન અને પૂરક ખોરાક) ના સંદર્ભમાં યુવાનોને સંવેદનશીલ બનાવવા માટે રાજ્ય કક્ષાના વેબિનાર<br>ડાયેરિયા મેનેજમેન્ટ, કિશોરાવસ્થામાં પોષણનું મહત્વ | Unicef & NNM/ Nutrition Branch | DWCD , NSS, GLPC and NYKS |
| ડેરી સહકારી (THR)નો વ્યાપ વધારવો | GCMMF and WCD | ગ્રામ્ય કક્ષાએ દૂધ સહકારી મંડળીઓમાં ટીએચઆર પેકેટોનું પ્રદર્શન અને ઉત્પાદનનો સ્વાદ ચાખવા અને ટીએચઆરને સહકારી અને સભ્યોના પોતાના ઉત્પાદન તરીકે પ્રમોટ કરવા માટે પૂછવું. સમુદાયમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવું | CDPO / ICDS Supervisor / Village Dairy Cooperative Head | GCMMF and WCD ( PO-ICDS) |

*તમામ આઇ.ઇ.સી. (જેપીઇજી / જીઆઈએફ) / લિંક્સ / સંબંધિત વિભાગો સાથે શેર કરવામાં આવશે. જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં છેલ્લા માઇલ સુધીના વિભાગોના તમામ વોટ્સએપ જૂથોને તે ફોરવર્ડ કરવા જોઈએ.*

Scanned by CamScanner

***<u>મમતા દિવસનો ઉપયોગ પોષણ પ્રોત્સાહન માટે પ્લેટફોર્મ તરીકે થવો જોઈએ પોષણ માહ દરમિયાન સામાજિક અંતર જાળવવું અને ચોકકસ માર્ગદર્શિકાનું પાલન કરવું.</u>***

*રેસિપી સ્પર્ધાના ધારા-ધોરણો

અઠવાડિયું-3

સમગ્ર મહિના દરમિયાન હાથ ધરવામાં આવનાર સર્વ-સામાન્ય પ્રવૃત્તિઓ.

- ગૃહ મુલાકાત
- સોશિયલ મીડિયા અભિયાન
- વેબિનાર્સ
- ન્યુટ્રી ગાર્ડન
- સુખડી વિતરણ
- એએનસી તપાસ
- એફએમ દ્વારા ક્વિઝ સ્પર્ધા
- ઉબંરે આંગણવાડી ( સેટ્કોમ)

વધારાનુ:

- પોષણ તોરણ બનાવવા
- કુપોષિત બાળકો સાથે મુલાકાત
- ગૃહ મુલાકાત દરમિયાન હાથ ધોવાનું પ્રદર્શન
- ડેરી સહકારી મંડળ દ્વારા ટી.એચ.આર. નું પ્રદર્શન અને પ્રમોશન
- આધાર નોંધણી પર કામ

| પ્રવૃત્તિઓ | આવરી લેવાનાર વિભાગો | વિગતો | જવાબદારી (હોદ્દા) | દેખરેખ અને સમીક્ષા ઓથોરિટી |
|---|---|---|---|---|
| | | | | |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| પોષણ તોરણ બનાવવા | - મહિલા અને બાળ વિકાસ<br>- ગ્રામ વિકાસ | પુર્ણા સખી દ્વારા પોષણને લગતા મેસેજ સાથે નો બણેલો તોરણ અંતિકુપોષિત અને જોખામી સગર્ભા મતાઓ ને વિતરણ | આઇસીડીએસ સુપરવાઇઝર / એસએચજી / સીડીપીઓ | પીઓ-આઇસીડીએસ / નિયામક- ગ્રામ વિકાસ |
| કુપોષિત બાળકો સાથે મુલાકાત | - પંચાયત રાજ<br>- મહિલા અને બાળ વિકાસ | પાલક વાલી દ્વારા દત્તક લિધેલ ઓછા વજનવાળા બાળકોની હોમ વિઝિટ અથવા ટેલિફોનિક ચર્ચા | આં.વ. આઇસીડીએસ સુપરવાઈઝર / સીડીપીઓ / એનએનએમ કોઓર્ડિનેટર | પીઓ-આઇસીડીએસ / |
| ગૃહ મુલાકાત દરમિયાન હાથ ધોવાનું પ્રદર્શન | - પંચાયત<br>- મહિલા અને બાળ વિકાસ | આં.વ. અને નિગરાણી સમિતિ દ્વારા ઘરેલુ મુલાકાત દરમિયાન પેમ્ફલેટ વિતરણ અને હાથ ધોવાની પદ્દ્ધતિ પ્રદર્શન | સીડીપીઓ /બ્લોક કોઓર્ડિનેટર-SBMG | પીઓ-આઇસીડીએસ / નિયામક -ડીઆરડીએ |
| ચોખ્ખા પાણીની વ્યવસ્થા અને વ્યવસ્થાપન (Safe water management and handling) | પાણી અને સ્વચ્છતા<br>- ગ્રામ વિકાસ | સોશિયલ મીડિયા અને આઈ.ઇ.સી. દ્વારા Safe water management and handling મહત્વના સંદેશાઓનો પ્રસાર | તાલુકા ટીમ - WASMO | પીઓ-આઇસીડીએસ /જિલ્લા ટીમ - WASMO |
| ચેપ, નિવારણ અને નિયંત્રણનાં પગલાં | આરોગ્ય | Face masks અને Sanitizer ના ઉપયોગ નુ પ્રચાર પ્રસાર અને નિદર્શન કરવુ અને જાડા નિયંત્રણ બાબતની કામગીરી. | ટી.એચ.ઓ. | સી.ડી.એચ.ઓ. |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| કિશોરી અને બાળકોમાં આઇએફએ બાબતે પ્રમોશન | મહિલા અને બાળ વિકાસ , શિક્ષણ, આરોગ્ય, એનએસએસ, જીએલપીસી અને એનવાયકેએસ | આઇ એફ એ ગોળી ની અગત્યતા બાબતે બધાજ સલગ્ન વિભાગો દ્વારા સોશલ મિડીયા દ્વારા પ્રચાર પ્રસાર. | સી.આર.સી. / સી.ડી.પી.ઓ. / એન.એન.એમ. કોઓર્ડિનેટર / ડીઆરડીએ તાલુકા પ્રતિનિધિઓ | પીઓ-આઇસીડીએસ / ડીઆરડીએ-નિયામક ડી.પી.ઇ.ઓ. સીડીએચઓ |
| ***<u>તમામ આઇ.ઇ.સી. (જેપીઇજી / જીઆઈએફ) / લિંક્સ / સંબંધિત વિભાગો સાથે શેર કરવામાં આવશે. જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં છેલ્લા માઇલ સુધીના વિભાગોના તમામ વોટ્સએપ જૂથોને તે ફોરવર્ડ કરવા જોઈએ.</u>*** <br> ***<u>મમતા દિવસનો ઉપયોગ પોષણ પ્રોત્સાહન માટે પ્લેટફોર્મ તરીકે થવો જોઈએ પોષણ માહ દરમિયાન સામાજિક અંતર જાળવવું અને ચોક્કસ માર્ગદર્શિકાનું પાલન કરવું.</u>*** | | | | |
| | | | | |

આધાર નોંધણી માટેનું ચોક્કસ લક્ષ્યાંક આપવું.

અઠવાડિયું-4

| |
|---|
| સમગ્ર મહિના દરમિયાન હાથ ધરવામાં આવનાર સર્વ-સામાન્ય પ્રવૃત્તિઓ.<br><br>- ગૃહ મુલાકાત<br>- સોશિયલ મીડિયા અભિયાન<br>- વેબિનાર્સ<br>- ન્યુટ્રી ગાર્ડન<br>- સુખડી વિતરણ<br>- એએનસી તપાસ<br>- એફએમ દ્વારા ક્વિઝ સ્પર્ધા<br>-ઉબંરે આંગણવાડી ( સેટ્કોમ)<br><br>વધારાનુઃ |

Scanned by CamScanner

-સલાડ હરિફાઇ<br>- પોષણ રથ<br>- આધાર નોંધણી પર કામ

| પ્રવૃત્તિઓ | આવરી લેવાનાર વિભાગો | વિગતો | જવાબદારી (હોદ્દા) | દેખરેખ અને સમીક્ષા ઓથોરિટી |
|---|---|---|---|---|
| એસએએમ બાળકોની સ્ક્રિનિંગ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ<br>મહિલા અને બાળ વિકાસ | તમામ SAM બાળકો ની આરબીએસકે ટીમ દ્વારા સ્ક્રિનિંગ અને સીએમટીસી અથવા એનઆરસી મા બાળકો ને જરુરિયાત મુજબ ભર્તી કરવા | THO, RBSK-MO, PA ન્યુટ્રિશન | આર.સી.એચ.ઓ./ સી.ડી.એચ.ઓ. |
| એચબીવાયસી ની મુલાકાત | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | આશા દ્વારા છ: માસ ના બાળકો ની ઉપરી આહાર સમયસર શરુ કરવા બાબતે ગ્રુહ મુલાકાત | ટી.એચ.ઓ. / એમ.ઓ. | આર.સી.એચ.ઓ./ સી.ડી.એચ.ઓ. |
| સલાડ બનાવવાની સ્પર્ધા | -મહિલા અને બાળ વિકાસ,<br>-શિક્ષણ<br>-ડીઆરડીએ (લાઇવલીહુડ) | સ્થાનિક રીતે ઉપલબ્ધ શાકભાજી અને ફળો દ્વારા કિશોર વયની છોકરીઓ દ્વારા સલાડ બનાવવાની સ્પર્ધા | સી.ડી.પી.ઓ../ ટી.ઇ.ઓ., ટી.ડી.ઓ. | પીઓ-આઇસીડીએસ, ડીઇઓ, નાયબ નિયામક ગ્રામીણ વિકાસ |
| વેબિનાર | સામાજિક ન્યાય<br>- મહિલા અને બાળ વિકાસ<br>- આરોગ્ય<br>-શિક્ષણ<br>અને અન્ય લાઇન ડિપાર્ટમેન્ટ | "આપડો જિલ્લો બાળ લગ્ન મુક્ત જિલ્લો" અને "બાળકો ને પોષ્ટીક ખોરાક વિષય સમજ" વિષય ઉપર સમાજ કલ્યાણ દ્વારા વેબિના | બ્લોક સમાજ કલ્યાણ અધિકારીશ્રી | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી |
| પોષણ રથ | શ્રમ અને રોજગાર | ધનવંતરી રથ દ્વારા 1000 દિવસો બાબતે લક્ષ્યાંકિત | જી.એલ.ઓ., સહાયક કમિશનર | રાજ્ય કક્ષાની શમ અને રોજગાર કચેરી |

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| | | લાભાર્થીઓમાં પોષણ સંબંધિત જાગૃતિ | | |
| પોષણ પરીક્ષણ - | શિક્ષણ | પોષણ ની જાગૃતિ બાબતના મેસેજના પેમ્પ્લેટ નુ એકમ કસોટી ના પેપર સાથે જિલ્લા અથવા તાલુકા કક્ષાએ પ્રિંટ કરાવીને | જિલ્લા શિક્ષણ અધિકારી | જી.સી.ઇ.આર.ટી. |
| તમામ આઇ.ઇ.સી. (જેપીઇજી / જીઆઈએફ) / લિંક્સ / સંબંધિત વિભાગો સાથે શેર કરવામાં આવશે. જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં છેલ્લા માઇલ સુધીના વિભાગોના તમામ વોટ્સએપ જૂથોને તે ફોરવર્ડ કરવા જોઈએ. મમતા દિવસનો ઉપયોગ પોષણ પ્રોત્સાહન માટે પ્લેટફોર્મ તરીકે થવો જોઈએ પોષણ માહ દરમિયાન સામાજિક અંતર જાળવવું અને ચોક્કસ માર્ગદર્શિકાનું પાલન કરવું. | | | | |

આધાર નોંધણી માટેનું ચોક્કસ લક્ષ્યાંક આપવું.

सत्यमेव जयते

નં.: પોષણ અભિયાન/સંકલન/પોષણ માહ/મબાક/૨૦- ૨૧ ૨૩૯૭૬૭/૫૦૯
તા. ૧૪.૯.૨૦૨૦

ગુજરાત સરકાર

ગાંધીનગર

શ્રી વિનોદ રાવ (IAS)
સચિવ
શિક્ષણ વિભાગ

શ્રીમતી મનીષા ચંન્દ્રા (IAS)
સચિવ વ કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ

શ્રીમાન/શ્રીમતી,

આપ સુવિદિત છો કે પોષણ અભિયાન (રાષ્ટ્રીય પોષણ અભિયાન) – પ્રધાનમંત્રીશ્રી દ્વારા સંપૂર્ણ પોષણ માટે ચલાવવામાં આવી રહેલ મહત્વાકાંક્ષી યોજના છે. જેનો શુભારંભ માનનીય પ્રધાનમંત્રી મહોદય દ્વારા ૦૮ માર્ચ ૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દેશના બાળકોમાં વ્યાપેલ ઠીંગણાપણું, અલ્પ પોષણ, ઓછા વજનવાળા બાળકોનો જન્મ તથા કિશોરીઓ, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તથા બાળકોમાં એનિમિયાનો ઘટાડો કરવા પર આધારિત છે.

જન આંદોલન અને સમુદાયની સહભાગીતા એ પોષણ અભિયાનના અસરકારક અમલીકરણ માટે અગત્યના માધ્યમો છે. જે ધ્યાને લઇ વિવિધ વિભાગો સાથે સંકલન કરી સહિયારા પ્રયાસ થકી વર્ષ ૨૦૧૮ થી દર વર્ષે સપ્ટેમ્બર માસને "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે ઉજવવામાં આવે છે. પોષણ અભિયાનની પ્રવૃત્તિઓનો વેગ જાળવી રાખવા અને જે કાર્યક્રમો કરવામાં આવે છે તેના ફાયદાને ધ્યાનમાં રાખીને સપ્ટેમ્બર-૨૦૨૦ માં ત્રીજા "રાષ્ટ્રીય પોષણ માહ" નું આયોજન કરવામાં આવેલ છે.

COVID- 19ની મહામારીની પરિસ્થિતિ ને ધ્યાને રાખતા ચાલુ વર્ષે ઉજવવામાં આવી રહેલ "પોષણ માહ"માં ભારત સરકાર દ્વારા ન્યુટ્રી ગાર્ડન બનાવવા અને મધ્યમ તથા અતિ કુપોષિત બાળકોના સઘન ફોલોઅપ દ્વારા તેઓને સામાન્ય ગ્રેડમાં લાવવા ઉપર ભાર મૂકવામાં આવેલ છે.

બાળકો માત્ર ભારતના ભવિષ્ય જ નહીં, તેઓ કુટુંબના સભ્યો અને સમુદાયને પ્રોત્સાહિત કરવા અને સલાહ આપવા માટે ઉત્તમ પોષણદૂત હોઈ શકે છે, સારા પોષણ, સંતુલન આહાર તેમજ ખોરાકને સંભાળતી વખતે, રાંધવા, ખાવા અને સંગ્રહ કરવા દરમિયાન જાળવવા માટેની આરોગ્યપ્રદ ટેવોના મહત્વ વિશેની જાગૃતિ વધારવા માટે. તંદુરસ્ત આહારની ટેવને નાની ઉંમરે લાદવામાં આવે તે જરૂરી છે. તેથી, પોષણ માહ 2020 માં બાળકો માટેની વિશેષ પ્રવૃત્તિઓનુ સમાવેષ કરવામાં આવેલ છે.

તમામ શાળાઓને કુપોષણ, સમાજ પર તેની અસર અને તંદુરસ્ત અને સંતુલિત આહારના મૂલ્ય વિશે ચર્ચા કરવા માટે વર્ચુઅલ સ્થિતિમાં વિદ્યાર્થીઓ સાથે પોષણ એસેમ્બલીનું( Posshan Assembly) આયોજન કરવા નિર્દેશિત કરવુ. કુપોષણ / પોષણ જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરતી એક નિબંધ સ્પર્ધા / ઇ સ્પર્ધાઓનુ પણ આયોજન કરવું તથા બાળકોની વૃદ્ધિ અને વિકાસ બાબતે પત્રિકા તૈયાર કરીને એકમ કસોટી પેપર સાથે મોકાલવા મા આવસે જેની પેપર સાથે છપાવીને વિતરણ કરાવવું.

Scanned by CamScanner

શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર, MyGov પોર્ટલનો ઉપયોગ કરીને બાળકો માટે ખોરાક અને પોષણ ઉપર  નીચેની સ્પર્ધાઓનું આયોજન કરવામા આવનાર  છે (બંને સ્પર્ધાઓની વિગતો પરિશિષ્ટમાં આપવામાં આવી છે).

એ. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ થી ઇ-ક્વિઝ.

બી. મેમ બનાવવાની સ્પર્ધા.

આથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અધિકારીશ્રીઓને પ્રોગ્રામના સફળ અમલીકરણ માટે સહકાર અને સમર્થન આપવા અનુરોધ છે.

આપનો સ્નેહાધીન

( વિનોદ રાવ )

આપની સ્નેહાધીન

(મનીષા ચંદ્રા)

પ્રતિ,

જિલ્લા કલેક્ટર વ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા સેવા સદન, તમામ..

મ્યુનિશિપલ કમિશ્નરશ્રી, મ.ન.પા., તમામ..

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તમામ..

નકલ રવાના.

- વિભાગીય નાયબ નિયામકશ્રી, મ.બા.વિ. તમામ..
- જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, શિક્ષણ શાખા, તમામ..
- જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી આઇસીડીએસ તમામ..

નકલ સવિનય રવાના.

- મુખ્ય સચિવશ્રી, ગાંધીનગર.

Scanned by CamScanner